## ગાંભોઈ ગામે મારી માટી, મારો દેશ કાર્યક્રમ યોજાયો



ગાંભોઈ, તા.૧૦
હિંમતનગર તાલુકાની ગાંભોઈ ગ્રામ પંચાયતમાં ગુરુવારના રોજ મારી માટી, મારો દેશના કાર્યક્રમની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં વડાપ્રધાનના સ્લોગનવાળી શીલાફલકમનું લોકાર્પણ, વૃક્ષારોપણ, પંચપ્રાણ પ્રતિજ્ઞા વગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે સરપંચશ્રી મંજુલાબેન જગતસિંહ પરમાર, ડેપ્યુટી સરપંચ કાનુંબેન ભગવાનદાસ ચૌધરી, તલાટી કમમંત્રી કુન્તલ પટેલ, તાલુકા સદસ્ય કુલદીપસિંહ રાઠોડ, પંચાયતના સદસ્યો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અનોખી શિક્ષણ સેવા - જિલ્લામાં આર્થિક રીતે નબળા પરિવારના ૨૫૦૦ બાળકોને મફત શિક્ષણ કીટ અપાઈ

### નોટબુક, પેન્સિલ, સંચા, રબ્બર, પેનનું વિતરણ

બાયડ ,તા.૧૦
પ્રાથમિક શાળાઓમાં આર્થિક રીતે નબળા પરિવારના બાળકો ભણતર છોડી રહ્યા છે. ત્યારે અમદાવાદ સ્થિત માનવ ઉત્થાન સેવા સમિતિ દ્વારા એક સપ્તાહનું મેઘા સ્ટેશનરી ડિસ્ટ્રીબ્યુશન ડ્રાઈવ કરી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અંતરીયાળ ગામડાઓમાં અત્યંત ગરીબ અને પછાત બાળકોને ૨૫૦૦ જેટલી શિક્ષણ કીટનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું.
પ્રાપ્ત જાણકારી અનુસાર શિક્ષણ વિભાગ દ્વારા વધુ ને વધુ બાળકો શાળાઓમાં અભ્યાસ કરે તે માટે શિક્ષકોને કામગીરી સોંપવામાં આવી છે પરંતુ કેટલાક વાલીઓ પોતાના સંતાનોને ભણાવવા માગતા નથી અને શિક્ષણ વિભાગને ગરજ હોય તેવો વર્તાવ કરતા હોય છે. આજે પણ અનેક શાળાઓમાં નામ નોંધાયા પછી ગરીબ પરિવારો સંતાનોને શાળાઓમાં મોકલતા નથી પરંતુ શિષ્યવૃત્તિ આવી હોય તો ઉપાડી લેવામાં જાગૃતતા દાખવે છે ત્યારે જાણીતા આધ્યાત્મિક ગુરુ સતપાલ મહારાજની પ્રેરણાથી મિશન એજ્યુકેશન વિચારધારા અંતર્ગત જિલ્લાના ૧૪ તાલુકાના અંતરીયાળ વિસ્તારોમાં મેધા સ્ટેશનરી ડિસ્ટ્રીબ્યુશન ડ્રાઈવ માનવ ઉત્થાન સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે હિંમતનગર વિસ્તારના અંતરીયાળ તેમજ આર્થિક રીતે પછાત ગામડાઓમાં યોજવામાં આવી હતી જેમાં બાળકો પોતાનું ભણતર છોડી દેતા હોય તેમના માટે શિક્ષણની જરુરી સામગ્રીની કીટ મફત આપવામાં આવી હતી. અમદાવાદ શાખાના પ્રભારી મહાત્મા આધિનાબાઈની નિગરાની હેઠળ મફત કીટ વિતરણ કાર્યક્રમ સંપન્ન થયો હતો.



## ધાનેરામાં આવેલ વાલ્મિકી વાસમાં ભર ચોમાસામાં પાણીની સમસ્યા....

ધાનેરા તા.૧૦
ધાનેરા માં આવેલ વાલ્મિકી વાસ માં છેલ્લા એક વર્ષથી પાણીની સમસ્યાનો નિકાલ ન આવતા સ્થાનિકો માં નારાજગી જોવા મળી રહી છે. અનેકવાર રજૂઆતો કરી હોવા છતાં પણ અધિકારીઓ જાણે આંખ આડા કાન કરી રહ્યા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે એટલું જ નહિ સ્થાનિકોએ બહારથી ઉપાડીને પાણી લાવીને ગુજારો ચલાવવા માટેની નોબત આવી પડી છે .અને પીવાના પાણી માટે સ્થાનિકો વલખા મારી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, પાણીની સમસ્યાના કારણે ખૂબ જ તકલીફ પડી રહી છે નાના-નાના બાળકો અને વૃદ્ધો પણ અગવડનો સામનો કરી રહ્યા છે. અનેકવાર રજૂઆતો કરવા છતાં પણ તંત્ર દ્વારા હજી સુધી કોઈ નિકાલ કરવામાં આવ્યો નથી. ગત નવેમ્બર ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટણી જંગમાં અપક્ષ માં ઉમેદવારી કરનાર માવજી દેસાઈ ને સર્વે સમાજના ધારાસભ્ય તરીકે જીતાડીને તેમના ચૂંટણી નિશાન ઘડો માથે ઉપાડીને તેમના ચૂંટણી પ્રચારમાં મહિલા મતદારો અને પુરુષ મતદારો ખૂબ પ્રચાર કર્યો હતો અને તેમને જંગી બહુમતીથી જીતાડી પોતાના પ્રાણ પ્રશ્નો નો નિકાલ કરાવવા વિધાનસભામાં ધારાસભ્ય બનાવીને મોકલ્યા છે. પરંતુ હવે ચૂંટણી પૂરી થઈ ગયા પછી પણ મહિલા મતદારો અને પુરુષ મતદારોને પીવાના પાણીની ભયંકર સમસ્યા થી ત્રાહિમામ પોકારી ગયા છે. હવે આ લોકો કહે છે ક્યાં છે અમારા અપક્ષના ધારાસભ્ય જે સર્વે સમાજના મુરતિયા બનીને વોટ લેવા આવ્યા હતા તે હવે ક્યાં ખોવાઈ ગયા છે ? અમે અપક્ષના માવજી દેસાઈ ને મતોના ઢગલે ઢગલા આપી જીતાડ્યા તે અમારો વાંક ??? પાણીની લાઈન બ્લોક હોવાથી જે હજી પણ જેમનું તેમ જ છે તેને માટે આગળ કોઈ કામકાજ હાથ ધરવામાં આવ્યું નથી. લોકો આક્ષેપ કરી રહ્યા છે કે આજદિન સુદી કોઈ કોર્પોરેટરે મુલાકાત લીધી નથી ચૂંટણી દરમિયાન પ્રચાર કરી વોટ માંગી ખોટા ખોટા વાયદા કરવા કોર્પોરેટરો આવે છે . અને પછી તેઓ પોતાના વાયદા ભૂલી જાય છે સ્થાનિક નો જણાવ્યા અનુસાર અમારા પરિવારમાં નાના-નાના બાળકો પણ છે અને પાણીની સમસ્યા હોવાને કારણે હાલ ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અમારે આજુબાજુ માંથી પાણી લાવીને હાલ ગુજારો કરવો પડી રહ્યો છે અધીકારીઓને વારંવાર રજૂઆતો પણ કરી છે એક વર્ષ થઈ ગયા હોવા છતાં પાણીની સમસ્યાનો આજ દિન સુધી નિકાલ આવ્યો નથી અત્યારે તો ઘરવેરો ભર્યો છે પરંતુ હવે આગળનો ઘરવેરો પણ અમે ભરીશું નહીં? અનેકવાર રજુઆત કરી છે તેમ છતાં કોઈ પાણી માટે નિકાલ કરવામાં આવતો નથી વિધાનસભાની ચૂંટણીમાં અપક્ષ મુરતિયા સર્વે સમાજના ધારાસભ્યને જીતવા માટે લોકો સોસાયટી શેરીઓ બજાર માં પ્રચાર માટે ઘડો લઈને ફરતાં હતા અને આજે લોકો પીવાના પાણી માટે ઘડો પ્લાસ્ટિકના કેરબા ડોલ લઈને ફરી રહ્યા છે હવે આગળ અમારે શું કરવું અને ક્યાં જવું? તે કંઈ જ ખબર પડી રહી નથી.

## બે યુવાનોની જીંદગી બેફામ ડ્રાઈવિંગે છીનવી, બે અકસ્માતમાં બેના મોત,શામળાજીના યુવકનું અકસ્માતમાં મોત થતા બજારો બંધ રહ્યા

### ભિલોડાના જીંજોડી નજીક અકસ્માતમાં શામળાજીના યુવકનું મોત,અન્ય બે યુવકો ગંભીર,બજારો બંધ રાખી શ્રદ્ધાંજલિ અર્પી : મૃતક યુવક તેના કૌટુંબિક ભાઈ અને અન્ય મિત્ર સાથે વિજયનગરમાં વિશ્વ આદિવાસી દિવસની રેલીમાં જોડાવા નીકળ્યો હતોને મોત ભેટ્યું

મોડાસા, તા. ૧૦
અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી બેફામ ગતિએ વાહનો હંકારતા અકસ્માતની ઘટનાઓ સતત બની રહી છે ભિલોડાના જીંજોડી નજીક જીપની પાછળ બાઈક ધડાકાભેર અથડાતા બાઈક સવાર શામળાજીના યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું અન્ય બે યુવકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અન્ય એક અકસ્માતમાં શામળપુર નજીક કાર ચાલકે બાઈક ને ટક્કર મારતા વિજયનગર નવાગામ ધનેલાના યુવકનું ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું ભિલોડા અને શામળાજી પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી





શામળાજીમાં પાન પાર્લરની દુકાન ધરાવતો આશાસ્પદ યુવક સાગર મનોજભાઈ તબિયાડ તેના કૌટુંબિક ભાઈ યોગેશ અશોકભાઈ તબિયાડ અને તેના મિત્ર અજય કટારા સાથે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીની વિજયનગર ખાતે રેલીમાં જોડાવા બાઈક સાથે નીકળ્યા હતા જીંજોડી ગામ નજીક જીપ પાછળ બાઈક ઘુસી જતા ત્રણે યુવકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સાગર તબિયાડનું મોત નિપજતા સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ હતી અન્ય બે યુવકોની સ્થિતિ સ્થિર હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી શામળાજીના આશાસ્પદ યુવકનું મોત નિપજતા ભિલોડા પોલીસે મૃતક યુવકની લાશને પીએમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી શામળાજી બજારો સજ્જડ બંધ રાખી મૃતક યુવકને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

શામળાજી-ભિલોડા રોડ પર શામળાપુર નજીક વોક્સવેગન કારના ચાલકે બેફામ ડ્રાયવીંગ કરી યુવકને કચડી નાખતા સ્થળ પર મોત નીપજ્યું હતું સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના નવાગામ ધનોલા ના પિયુષભાઈ અશોકભાઈ કટારા નામનો યુવક કામકાજ અર્થે શામળપુર ગામ નજીક ઉભો હતો ત્યારે કાળ બની ધસી આવેલ વોક્સવેગન કારણ ચાલકે સામેથી ટક્કર મારતા યુવકના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું મૃતક પોલીસ સ્થળ પર પહોંચી લાશને પીએમ માટે ખસેડી અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## મેતા ગામમાં વરસાદી પાણી અને કચરાના ઢગલાથી રોગચાળો ફેલાવવાની દહેશત

### મેતા ગામમાં સફાઇ બાબતે આંખ આડા કાન કરતાં સરપંચ તલાટી સામે ગ્રામજનોમાં આક્રોશ...



પાલનપુર તા.૧૦
બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મેતા ગામમાં વરસાદી માહોલમાં અને ક વિસ્તારોમાં વ્યાપક ગંદકી તેમજ વરસાદી પાણી ભરાતાં હોવાથી ગામમાં રોગચાળો ફેલાવવાની દહેશત ની રાડબુમ જાગૃત ગ્રામ લોકો ધ્વારા સાંભવા મળી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, મેતા ગામના કેટલાક જાગૃત લોકોએ મેતા ગામમાં મુંમવાડા તરફ જવાના જાહેર માર્ગ પર પાણીના બોર પાસે ઈન્દીરાનગર પાસે રાજપુત વાસ તેમજ રોહિતવાસ મુકેશભાઈ મિસ્ત્રીનના ધર પાસે કચરાના ઢગલા પડેલ જોવા મળે છે. આ અંગે પૂરક વિગતો આપતા અમારા વડગામ તાલુકાના સહયોગી પત્રકાર આનંદ પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, મેતા નદી ની બાજુના વિસ્તારમાં કચરાના ઢગલે ઢગલા પડયા હોઈ તેમાંથી વ્યાપક દુર્ગંધ મારતી હોઈ તેમાં મચ્છર, માંખી ઝેરી જીવજંતુઓ થવાની ભીતી સેવતા ગામના રહીશોએ મેતા ગામમાં સફાઈ બાબતે સરપંચ તથા તલાટી આંખ આડા કાન કરતાં હોઈ તેમની સામે આક્રોશ વ્યકત કરી વડગામ ટી.ડીઓ, સાહેબને મેતા ગામની ઓચિંતી મુલાકાત લઈ તાકીદે સફાઈ કરાવવા ગ્રામજનો ની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.



### ડીસા શહેરમાં રાષ્ટ્રધ્વજ વેચતી મુસ્લિમ મહિલા

ડીસા શહેરમાં મુસ્લિમ પરિવારની એક મહિલા પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા માટે (૧૫) મી ઓગસ્ટ સ્વાતંત્ર દિવસનાં પર્વની ઉજવણી પ્રસંગે શહેરમાં ફરી ફરી ને સ્વતંત્રતા દિવસ પર્વ માટે રાષ્ટ્ર ધ્વજ છાબડીમાં લઈને વેચાણ કરતી ફોટોમાં કેદ થઈ છે મુસ્લિમ પરિવાર પણ ભારત દેશનો રાષ્ટ્રધ્વજ પ્રેમથી બજારમાં વેચાણ કરતા તેનાથી ભારત નાં રાષ્ટ્ર ધ્વજ માં પ્રેમ ભાવનાની લાગણીઓ સાથે વેચાણ કરતા જોવા મળી હતી આ ડીસા શહેરમાં (૧૫) મી ઓગસ્ટની ઉજવણી નિમિત્તે ઠેરઠેર રાષ્ટ્રધ્વજ નું વેચાણ કરતા લોકો જોવા મળી રહ્યા છે.

## આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સમાં બે દિવસીય હેન્ડ એબ્રોડરી અંગે વર્કશોપ

પાલનપુર તા.૧૦
બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ખાતે કાર્યરત વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત વર્લ્ડ એમ્બરોઈડરી ડે ને અનુલક્ષીને તા. ૦૪/૦૮/૨૦૨૩ અને તા ૦૫/૦૮/૨૦૨૩ ના રોજ હેન્ડ એમ્બરોઈડરી ની બે દિવસીય વર્કશોપની આયોજન કરેલ હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,જેમાં ડો.એસ.આઈ.ગટિયાલા અને ડો. અમી આર. પટેલ એ એક્સપર્ટ તરીકે કોલેજની વિદ્યાર્થીનીઓ અને મહિલા અધ્યાપિકાઓ ને અલગ અલગ એમ્બ્રોઈડરી સ્ટીચ પ્રાયોગિક રીતે શીખવ્યા હતા. જેમાં સ્ટેમ સ્ટીચ, રનીંગ સ્ટીચ, નોડ સ્ટીચ, ચેઈનસ્ટીચ, લેઝી ડેઝી સ્ટીચ વગેરે જેવા ૧૫ સ્ટીચીસ વિશે પ્રાયોગિક માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો. યોગેશ ડબગર એ હાજરી આપી આવા કાર્યક્રમમાં વધુ ને વધુ ભાગ લેવા માટે સર્વને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં કોલેજના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓ પૂજા મેસુરાણી, ડો. અંકિતા ચૌધરી, હેતલ રાઠોડ, સુનિતા થુંબાડીયા વગેરે પણ હાજરી આપી માહિતગાર થયા હતા. કાર્યક્રમને અંતે ડો.શીતલ ચૌધરીએ આભાર વિધિ કરી કાર્યક્રમને વધુ સફળ બનાવ્યો હતો.



## ડીસામાં ભારત માતાના મંદિર સાથે વિકાસના કામો સર્વાનુમતે મંજુર

### ડીસા નગરપાલિકાની સાધારણ સભા યોજાઈ



ડીસા, તા. ૧૦
ડીસા નગરપાલિકાની આજે જનરલ બોર્ડની સાધારણ સભા પાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં વિપક્ષના સર્વેક્ષણની રજૂઆત સાંભળવાની સાથે સાથે અનેકવિધ વિકાસના કામોનો સર્વાનુમતે ઠરાવ કરાયો છે. સભામાં રખડતા પશુઓની સમસ્યાને દૂર કરવા માટે, મહારાણા પ્રતાપ સર્કલ બનાવવાનું, વૃક્ષારોપણ, હઠીલા હનુમાન મંદિર પાસે નવીન બગીચો બનાવવો, ૧૧ વોર્ડમાં બાંકડા મુકવા, ઘન કચરાના નિકાલ માટે ૨ કરોડની, આવાસ યોજનાના મકાન રીનોવેશન માટે ૧ કરોડની ફાળવણી, ગટર લાઈન, અનેક જગ્યાએ પાકા રસ્તા તેમજ ભારત માતાનું મંદિર બનાવવા સહિત અનેક વિકાસ કામોના ઠરાવો સર્વાનુંમતે મંજૂર કરાયા હતા.

આ સભા અંગે નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, આજે ડીસા નગરપાલિકામાં યોજાયેલી સાધારણ સભામાં અનેક વિકાસ કામોને બહાલી આપવામાં આવી છે લોકોની સુખાકારી વધે તે માટે રોડ રસ્તા, ગટર, રખડતા પશુઓ માટે તેમજ વૃક્ષારોપણ સહિતના ઠરાવો મંજુર કરાયા છે. જ્યારે ગુજરાતમાં પ્રથમ એવી ડીસા નગરપાલિકા હશે જ્યાં ભારત માતાનું મંદિર બનાવવા માટેનો ઠરાવ પણ કર્યો છે.

## વામોજ ગામે આઠ બકરાંઓનું દીપડાએ મારણ કરતા ગ્રામજનોમાં ભય...

ગાંભોઈ, તા.૧૦.
હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકના વામોજ ગામે બુધવારે રાત્રિ દરમિયાન ગામના પાદરે એક પશુપાલકના વાડામાં હિંસક દીપડો ઘૂસી જઈ આઠ બકરાઓનું મારણ કરેલ અને બે બકરાઓને ઘાયલ કરતાં વામોજ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ભયનો માહોલ ઊભો થયો છે. હિંમતનગર તાલુકાના વામોજ ગામે પશુપાલક કરણસિંહ માધુસિંહ પરમારના ઘર પાસે પાલતુ પશુ બાંધવાના વાડામાં રાત્રી દરમિયાન કાંટાળી વાડકૂદીને વાડામાં પ્રવેશી વાડામાં બાંધેલા ત્રીસ જેટલા બકરા પૈકી આઠ બકરાનું મારણ કરેલ તેમજ બે બકરાને ઘાયલ કર્યા હતા. વહેલી સવારે આ ઘટનાની જાણ પશુપાલકને થતા વાડામાં આઠ બકરાઓના મૃતદેહ તેમજ અન્ય કેટલાક ઈજાગ્રસ્ત ઘાયલ બકરા તડફડી રહ્યા હતા. તેમજ વાડાની અંદર દીપડાના પગલાની છાપ જણાઈ આવી હતી. આ ઘટનાની જાણ વાયુવેગે ગામમાં ફેલાતા ગ્રામજનો વહેલી સવારે ઘટના સ્થળે દોડી



ઘાયલ બકરાની તાત્કાલિક સારવારની વ્યવસ્થા કરી હતી. આ અંગે રાયગઢ વન વિભાગની કચેરીએ જાણ કરતાં વન કર્મચારીઓ ઘટના સ્થળે આવી તપાસ આરંભી હતી. આ જંગલી હિંસક પ્રાણી દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં થતા વારંવાર પશુના મારણના બનાવો સંદર્ભે પશુઓના જાનમાલના રક્ષણ માટે રાજ્ય કક્ષાએથી વન વિભાગ દ્વારા અસરકારક પગલાં ભરવામાં આવે એમ સ્થાનિક ગ્રામ્ય જનતામાં માંગ વર્તાઈ રહી છે.